# પ્રાંતિજમાં રાત્રીના સમયે ત્રણ દુકાનના તાળા તુટ્યા

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના એપ્રોચરોડ ઉપર આવેલ મહાકાલી સબમર્સિબલમાં રાત્રીના સમયે તસ્કરો દ્વારા ત્રણેય સબમસર્સિબલ પંમ્પની દુકાનોના વાયરો લઈ ગયાં હતા. જયારે સવારે દુકાન માલિકો દુકાને આવતાં દુકાનના શટલો ઉંચા જોતાં દંગ બની




કોમ્પલેક્સમાં રાત્રીના સમયે ત્રણ દુકાનોના તાળાં તોડી તસ્કરોએ કોપર તાંબાના વાયરો લઈ જઈને હાથફેરો કર્યો હતો.

પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ સંઘ કોમ્પલેક્સમાં શકિત ઈલેકટ્રિક વર્કસ, રાણા ઈલેટ્રિક વર્કસ, અને તાળા તોડી હાથફેરો કર્યો હતો અને ત્રણેય દુકાનમાંથી કોપર તાંબાના વાયરોના બંડલ તથા જુના ભંગાર વાયરો લઈ ગયાં હતા. તો પાસે આવેલ કબ્રસ્તાનમાં લઈ જઈને વાયરો બંડલો ઉકેલવામાં આવ્યાં હતા. દુકાન પાસે જ રાત્રીના સમયે વાયરો બાળી અંદરથી કોપરના ગયાં હતા અને ચોરી થઈ હોવાનું માલુમ થતાં પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી. જયારે પ્રાંતિજ પોલીસે ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. જયારે વેપારીઓની ફરીયાદને લઈને અજાણ્યાં તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસાના મહાદેવગ્રામ સ્મારકે નેતાઓ પુષ્પાંજલિ ચુકી ગયા

## વોટ માટે નામનો ઉપયોગ કરનાર નેતાઓ સામે ઉગ્ર રોષ

મોડાસા, તા. ૨

૨ જી ઓક્ટોબર મહાત્મા ગાંધીના જન્મદિને સમગ્ર વિશ્વમાં અહિંસા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૪૮મી ગાંધી જન્મ જયંતિ નીમીત્તે દેશમાં ઠેર ઠેર શ્રદ્ધાંજલિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારે અરવલ્લી જિલ્લામાં આવેલ ગાંધીના મીની રાજઘાટ ખાતે ગણ્યા ગાંઠ્યા સામાજિક અગ્રણીઓ અને મહાદેવગ્રામ પંચાયત અને ગોખરાવા સ્કૂલના બાળકો સિવાય રાજકીય પક્ષોના અગ્રણીયો અને અધિકારી કે પદાધિકારી પણ બાપુને શ્રદ્ધાંજલિ આપવાની ફુરશદ ન મળતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. વોટ મેળવા માટે બાપુનું સતત સ્મરણ કરતા રાજકીય આગેવાનો સામે લોકોએ



ફિટકાર વરસાવતા હતા.

મોડાસા તાલુકાના મહાદેવગ્રામ નજીક આવેલા હાથિયાડુંગર પર આવેલા ઝૂમર નદીમાં વિસર્જન કરાયા હતા ત્યાર બાદ ડુંગરની તળેટી પર મીની રાજઘાટનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને ગુજરાતભરમાં જાણીતું છે. આંખુ વર્ષ આ સ્મારક સુમસામ ભાસતું હોય છે પરંતુ ગાંધી જન્મ જયંતીના દિવસે પણ તેમને જવાનો સમય ના મળ્યો. થોડા વર્ષો અગાઉ સાબરકાંઠા જિલ્લામાં મહાદેવગ્રામ ગામનો સમાવેશ થતો હતો ત્યારે જિલ્લા કલેકટર અને રાજકીય અગ્રણીઓ મીની રાજઘાટ પર શ્રદ્ધાંજલિ આપવા જતા હતા. પરંતુ અરવલ્લી જિલ્લાનું નિર્માણ થતાંજ ગાંધીજીનું સ્મારક અને ગાંધીજીવિસરવા લાગ્યા છે

સોમવારે ૨ જી ઓક્ટોબરના રાજ મહાદેવગ્રામ નજીક આવેલા મીની રાજઘાટ પર પૂર્વ સંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયત સદસ્ય કમળાબેન પરમાર, નિલેશભાઈ જોશી, ધર્મેન્દ્ર ત્રિવેદી અને ગામના સ્કૂલના બાળકો અને શિક્ષકો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને ગામમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હતું.

## દારૂના જંગી જથ્થાની સાથે મહિલા અપરાધીની અટક

ગુજરાતમાં દારુબંધી હોવા છતાં વિદેશી અને દેશી દારુનો જથ્થો રાખનાર જાણિતી મહિલા ગુનેગારની અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા અટકાયત કરવામાં આવી છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા અને તેના ઘરથી જ તેને પકડી પાડી હતી. મળેલી માહિતી મુજબ પોલીસે રાણીપ કાળીગામ પુનિત સોસાયટીમાં રહેતા ભારતીબેન તે ભરતભાઈ સુરાભાઈ શર્માની વિધવાના ઘરે રેઈડ કરી તેઓના ઘરમાંથી તથા તેમના કબ્જાના બાજુમાં આવેલ કાચબા ઘર તથા ઘોડા બાંધવાની જગ્યામાંથી ભારતીય બનાવટનો વિદેશ દારૂ તથા બિયર નંગ-૬૬૭ કિ.૧,૧૧,૫૦૦ તથા દેશીદારૂ લિટર ૭૪ કિ.૧૪૮૦ મળી કુલ ૧,૧૨,૯૮૦નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કર્યો હતો.

# મોડાસાના હફસાબાદ ગામમાં સોમનાથ મહાદેવના પૂજારીના મકાનમાં ધાડપાડુઓ ત્રાટક્યા

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેર અને ગ્રામ્યવિસ્તારોમાં ઘરફોડિયા ગેંગ અને ચોર લૂંટારૂ ગેંગે ભારે આતંક મચાવી લૂંટની ઘટનાને અંજામ આપી રહી છે અને જિલ્લા પોલીસતંત્ર હાથ પર હાથ લગાવી બેસી રહ્યું હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. ઘરફોડ ગેંગે ભગવાનના મંદિરને પણ ના છોડતા લૂંટની ઘટનાને અંજામ આપતા હફસાબાદ ગામના લોકોમાં પોલિસ તંત્રની નિષ્ક્રિયતા સામે લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.

મોડાસા તાલુકાના હફસાબાદ ગામે આવેલ શ્રી સોમનાથ મહાદેવ ની બાજુમાં આવેલા પૂજારીના મકાનમાં પૂજારી અને તેમનો પરિવાર તથા ઘરે આવેલા મહેમાનો મકાન બહાર મીઠી નીંદર માણી રહ્યા હતા. ત્યારે રસોડાની પાછળની લોખંડની જાળી



અને કાચની બારી તોડી ઘરમાં પ્રવેશી મહેમાનોના ૨૦ હજાર રૂપિયા અને મહંતના પૂજા પાઠ અને વિધિના ૩૦ થી ૪૦ હજાર રૂપિયા રોકડા અને મુદ્દામાલ ઉઠાવી પલાયન થઈ જતા અને પૂજારીને ઘટનાની જાણ થતા બુમાબુમ કરી મુકતા ગામલોકો દોડી આવ્યા હતા. અને મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસતંત્ર તાબડતોડ દોડી આવી પ્રાથમિક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દલિતો ઉપરના અત્યાચારને લઈ સરકાર પર તીવ્ર પ્રહારો

અમદાવાદ, તા. ૨

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે આજે અભડાય છે ગુજરાતના શીર્ષક હેઠળ દલિત મહાસંમેલન યોજાયું હતું. જેમાં ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં દલિત સમાજના લોકો ઉમટી પડયા હતા. મહાસંમેલનમાં દલિત આગેવાનોએ વર્તમાન ભાજપ સરકાર પર આકરા પ્રહારો મારતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં દલિતો પરના અત્યાચારનો વિકાસ વધ્યો છે, પરંતુ દલિતો તેને સાંખી નહી લે. ગુજરાતના દલિત ધારાસભ્યો આભડછેટ નાબૂદી માટે કામ કરે તેવું સોગંદનામું આપે તો જ દલિતસમાજ તેઓને મત આપશે. મહાસંમેલનમાં આણંદના બોરસદમાં દલિત યુવકની જાહેરમાં હત્યા અને ગાંધીનગરમાં દલિત યુવક પરના અત્યાચારના બનાવોને ઉગ્ર શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યા હતા. દલિતો પરના અત્યાચારના વિરોધમાં દલિત સમાજ દ્વારા આગામી દિવસોમાં આશ્ચર્યજનક વિરોધ કાર્યક્રમો આપવાની પણ જાહેરાત કરાઈ હતી.

# અરવલ્લી જિલ્લામાં ૯મીએ ગુજરાત ગૌરવયાત્રા આવશે

મોડાસા, તા. ૨

ગુજરાતમાં ગૌરવયાત્રા અલગ અલગ ઝોનમાં હાલ ફરી





રહી છે. ત્યારે આ ગૌરવયાત્રા આગામી ૯મી ઓક્ટોબરે, આગામી સોમવારે અરવલ્લી જિલ્લામાં ભુડાસણ ખાતેથી પ્રવેશનારી છે. ત્યારે બાયડ, ધનસુરા, મોડાસા થઈ શામળાજી પછી ભિલોડાના રૂટ ઉપર આ યાત્રાની સ્વાગત વ્યવસ્થાથી માંડી જાહેર સભાઓ સુધીની વ્યવસ્થાઓની પૂર્વ તૈયારીઓ માટે આજરોજ પ્રદેશ ભાજપ અગ્રણી દુષ્યંતભાઈ પંડ્યાએ મોડાસામાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લાના જવાબદાર કાર્યકર્તાઓ અને સંગઠનના પ્રમુખ-મહામંત્રીઓ સાથેની એક બેઠકમાં યાત્રા સંબંધી જરૂરી નાનામાં નાની બાબતોની ખૂબ બારીકાઈથી બેઠકમાં સૂચના આપવા સાથે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ યાત્રાની જવાબદારી વહન કરનાર કાર્યકર્તાઓને પોતાના કામમાં ક્યાંય કચાશ ન રહી જાય તેની ભારપૂર્વક અપીલ કરીને બેઠકમાં જ જુદી જુદી જવાબદારીઓ સુપ્રત કરી કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે ઉપસ્થિત જે તે તાલુકાના પ્રમુખ-મહામંત્રીઓ અને હોદ્દેદારો, કાર્યકરોને પોતાના તાલુકા ગ્રામ્ય વિસ્તારમાંથી કાર્યકર્તાઓ અને પ્રજાજનો સાથે નજીકની જાહેર સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અને તે માટે ગામડાઓમાં સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર પણ ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા ઈન્ચાર્જ રાજુભાઈ પટેલે સમગ્ર યાત્રાના રૂટ ઉપર પ્રદેશની સુચનાને અનુસરીને કાર્યકર્તાઓને નિયત કર્યા મુજબના ફોટા અને લખાણ સાથેના બેનરો તૈયાર કરાવી મુકવા અનુરોધ કર્યો હતો. જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત પટેલ અને ટીમને પણ જરૂરી જવાબદારી સુપ્રત કરાઈ હતી. આ બેઠકમાં જે તે તાલુકાના પ્રમુખ-મહામંત્રીઓ ઉપરાંત સહકારી અગ્રણીઓ પ્રભુદાસ પટેલ, જગદીશભાઈ શા. પટેલ,મહિલા મોરચા પ્રમુખ જલ્પાબેન ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિસનગર માર્કેટ યાર્ડ ખાતે અત્યાધુનિક કિસાન ભવન ભોજનલાય ખુલ્લું મુકાયું

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે ખેડૂતો માટે અત્યાધુનિક એ.સી નવીન કિસાન ભવન ભોજનાલયનું ઉદ્ઘાટન વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને કરાયું હતું. આ ઉપરાંત ખેડૂત શેડ, પ્લેટફોર્મ, ભૂમી પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અંદાજીત રૂ. ૪ કરોડના ખર્ચે સંપુર્ણ વાતાનુકુલીત ભોજનાલય શરૂ કરાયું છે. જેમાં અત્યાધુનિક હાઈજેનીક ઉપકરણોવાળું રસોડું, ૪૦૦ માણસોના ડાયનીંગ ટેબલની વ્યવસ્થા, આર.ઓ.મશીન, ટીફીન વ્યવસ્થા, દર્દીઓ માટે રાહત દરે ટીફીન વ્યવસ્થા સહિક ખેડૂતો માટે રૂ.૨૫ જેટલા નજીવા દરે અનલીમીટેડ ભોજન આપવાની વ્યવસ્થા ઉપલ્બધ કરવામાં આવી છે. આ ઉપરાંત પશુ આરોગ્ય મેળા યોજી પશુઓના આરોગ્યની દરકાર લેવામાં આવી છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે માર્કેટ યાર્ડ દ્વારા શરૂ કરાયેલ કિસાન ભોજનાલયથી દુરના ગામોમાંથી




આવતા ખેડૂતોને સીધો ફાયદો થનાર છે. ખેડૂતોનો વિકાસ સરકારની પ્રાથમિકતા છે. સરકાર દ્વારા ખેડૂતોના દેવા માફીની યોજના અમલમાં છે. જેનાથી ખેડૂતો સધ્ધર થયા છે. રાજ્ય સરકારે ખેડૂતોને ૧ ટકાના દરે રૂ. ૩ લાખ સુધીની લોનમાં વ્યાજ માફી આપી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ૧૯૯૫માં જે દરે વીજળીનો દર લેતી હતી તેજ દરે ૨૦૧૭માં પણ લેવામાં આવે છે જેથી વીજ દરમાં સરકારે વધારો કર્યો નથી.

કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબહેન પટેલ, ધારાસભ્ય સર્વે ઋષિકેશભાઈ પટેલ, રજનીભાઈ પટેલ, પુર્વ સાંસદ પૂંજાજી ઠાકોર, અગ્રણી નિતીનભાઈ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર પ્રતિક ઉપાધ્યાય, પ્રાન્ત અધિકારી વી.જી. રોર સહિતના જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીશ્રીઓ, વેપારીઓ, માર્કેટ યાર્ડના પ્રતિનિધિઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે વિમોચન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બ્રિલીયન્ટ યુવક મંડળ દ્વારા પ્રકાશિત બાવન શ્રી સામયિકનો વિમોચન સમારોહ યોજાયો હતો શ્રી સામયિકાનો વિમોચન સમારોહ યોજાયો હતો. જેમાં ગાદીપતિ શ્રી સવગુણ મંદિર, ઝાંઝરકાના મહંત ડાં. શંભુનાથજી મહારાજ તથા ડાં. એમ.એમ. પ્રભાકર દ્વારા પુસ્તક નું સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર મંત્રી અમિતભાઈ પરમાર ઉપપ્રમુખ કુમુદચંદ્ર રાઠોડ તથા તંત્રી બાવન રમેશભાઈ પરમાર તથા



જેમાં બાવન શ્રી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ગ્રીનપાર્ક-૩ સોસાયટી ખાતે સાહિત્ય ઝોન સેતુથી સમાજની ઉત્કુષ્ઠ સેવા કરવાના શુંભ આશયથી બ્રિલીયન્ટ યુવક મંડળ દ્વારા પ્રકાશિત બાવન વિમોચન કરવામાં આવ્યું હતું. જયારે આ પંસગે પરાજિતભાઈ પટેલ, જી.જે. પડયા, માલજીભાઈ રાઠોડ, મોહનભાઈ પરમાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં જયારે પ્રાંતિજ-તલોદમાંથી સમાજના ભાઈ- બહેનો મોટી બ્રિલીયન્ટ યુવક મંડળના સભ્યો કારોબારી સભ્યો તથા સમાજના આગેવાનો તથા પ્રાંતિજ-તલોદમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રસિકભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# તલોદમાં કોંગ્રેસી કાર્યકરો દ્વારા ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૨

તલોદ પાલિકા વિરોધ પક્ષના કોંગ્રેસી નેતા પ્રો. રંગુસિંહ સોલંકીના નેજા હેઠળ તાલુકા અને જિલ્લાના કોંગ્રેસી હોદ્દેદારો અને કાર્યકરો ઘણીજ મોટી સંખ્યામાં અંબાજી ચોકમાં આવેલી ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સુત્રોચ્ચાર સાથે, ગાંધી જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધી જયંતિ નિમિત્તે કોંગ્રેસી કાર્યકરોએ સ્વચ્છ ભારતનો સંદેશો પાઠવતા જબ તક ચાંદ સુરજ રહેગા ગાંધી બાપુ તુમ્હારા નામ રહેગાના ગગનભેદી સુત્રોચ્ચાર કરી નગરયાત્રા સાથે બાપુની પ્રતિમાને સુતરની આંટીથી સુષોભિત કરી સલામી આપી ગાંધી જયંતિ નિમિત્તે ભવ્યતિભવ્ય પ્રતિમાને શણગારવામાં આવી હતી. ફૂલોથી વધામણા પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એનએસયુના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આમ પાલિકા વિરોધ પક્ષના નેતા રંગુસિંહ સોલંકીએ દેશના આઝાદીના ઘડવૈયા ગાંધી બાપુને યાદ કરતાં કોંગ્રેસી કાર્યકરોનો જુસ્સો વધારી એકતાપૂર્વક વિધાનસભામાં બહુમતી મેળવી ભાજપના કુશાસનને લલકારવા વિજયી ગાથા સાથે પક્ષ મજબૂતી કરવા હોદ્દેદારોને આ પ્રસંગે ચૂંટણીનું બ્યુગલ વગાડી તૈયારીઓનું શુભારંભ કર્યુ હતું.

# બનાસ ડેરી ખાતેથી નશાબંધી સપ્તાહનો પ્રારંભ

પાલનપુર, તા. ૨

પાલનપુર મુકામે આવેલ બનાસ ડેરી ખાતેથી કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ નશાબંધી અને આબકારી કચેરી બનાસકાંઠા દ્વારા આયોજીત નશાબંધી સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે આજે પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે આપણે સૌ વ્યસનમુક્ત સમાજ બનાવવાનો સંકલ્પ લઈ બાપુને શ્રધ્ધાજંલિ અર્પણ કરીએ. તેમણે કહ્યું કે પરમ પૂજય મહાત્મા ગાંધીજી તથા અનેક વીર સપુતોએ આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. મંત્રીશ્રીએ કહ્યું કે પૂજય મહાત્મા ગાંધીજીએ ૯ મી ઓગષ્ટ-૧૯૪૨માં હિન્દ છોડો ચળવળની શરૂઆત કરાવી અંગ્રેજો ભારત છોડે તેવો સંકલ્પ લીધો હતો તેને અત્યારે ૭૫ વર્ષ



પૂર્ણ થયા છે ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારત જોડોનો સંકલ્પ આપી દેશ માટે કંઈક સંકલ્પ કરી દેશને શિક્ષિત, સુખી, સમૃધ્ધ બનાવવા સંકલ્પબધ્ધ બનવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સંકલ્પ લઈ મંથન કરીએ કે આપણા દેશને સ્વચ્છ, સુંદર અને ભ્રષ્ટ્રાચાર તથા આતંકવાદમુક્ત બનાવીશું. તેમણે જણાવ્યું કે સવા સો કરોડ દેશવાસીઓના સંકલ્પથી આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નનું સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા નશાબંધી નિયોજક ગણેશભાઈ પટેલ, અગ્રણીશ્રી જયંતિભાઈ ભાટી, બનાસ ડેરીના મેનેજર ડાં. દેશમુખ અને ડાં.એ.આર. વાઘેલા, જિલ્લા પંચાયતના અધિકારી કે.પી. પટેલ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મોડાસા ખાતે સ્વચ્છ ભારત અભિયાન અંગે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

મોડાસા નગરપાલિકા દ્વારા સર્વોદયનગર, ડૉ. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનીટી હોલ, મોડાસા ખાતે મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ, મુખ્ય અધિકારી પ્રણવભાઈ પારેખ, કાન્સીલરો, સફાઈ કામદાર બહેનો દ્વારા મહાત્મા ગાંધીના ફોટાને સુતરની આંટી પહેરાવવામાં આવી તેમજ ફૂલો અર્પણ કરવામાં આવ્યા. તથા સફાઈ કામદાર બહેનોના બાળકોએ 'સ્વચ્છ ભારત અભિયાન' નિબંધ/ચિત્ર સ્પર્ધા યોજવામાં આવ્યું. અને મહિલા સફાઈ કામદારો દ્વારા મોડાસા નગરપાલિકાના સ્પોર્ટ સંકુલમાં આજના દિન નિમિત્તે વૃક્ષારોપણ કરી તેમની માવજત કરવાનું વચન લીધુ, તે ઉપરાંત નિબંધ, ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું. તથા શ્રેષ્ઠ સફાઈ કામગીરી કરનાર સફાઈ કામદારોને શાલથી સન્માન કર્યુ. તેમજ નગરપાલિકા દ્વારા શ્રી યોગી ખાદીગ્રામ ઉદ્યોગ વિકાસ મંડળ મોડાસા પાસેથી ખાદી ખરીદી અને મોડાસા નગરપાલિકાના પ્રમુખ તથા મુખ્ય અધિકારીએ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રત્યેક મહેમાનોએ કર્મચારીઓ તથા સફાઈ કામદારોને વિતરણ કર્યુ.